# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**DATE: 21/06/2026** **EVENING: 7.50 TO 8.00 PM**

**DAY: SUNDAY** **NATIONAL NEWS**

## આકાશવાણી સમાચાર કરણ મકવાણા વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મજબૂત દરિયાઈ ક્ષમતાઓને દેશના આર્થિક અને વ્યૂહાત્મક પ્રભાવ માટે નિર્ણાયક પરિબળ ગણાવ્યું
2) NEET-UG 2026ની પુનઃપરીક્ષા આજે કડક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે સંપન્ન
3) વિશ્વભરમાં આજે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહપૂર્વક ઉજવણી
4) પશ્ચિમ એશિયા સંઘર્ષને સમાપ્ત કરવા અમેરિકા અને ઈરાન વચ્ચેની વાતચીત સ્વિટ્ઝર્લૅન્ડમાં શરૂ
5) તમિલનાડુમાં એક કંપનીમાં એમોનિયા ગેસ લીકેજ થવાથી સાતના મોત અને 70થી વધુ અસરગ્રસ્ત
6) હોકીમાં ભારતે ન્યુઝીલેન્ડને 2-0 થી હરાવીને FIH મહિલા નેશન્સ કપ જીત્યો

-----------------------------------------------------

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો

# PM NAVY SHIP - COMMISSIONING

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ  આધુનિક વિશ્વમાં દરિયાઈ શક્તિના મહત્વ પર ભાર મૂકતા મજબૂત દરિયાઈ ક્ષમતાઓ દેશના આર્થિક અને વ્યૂહાત્મક પ્રભાવ માટે નિર્ણાયક પરિબળ હોવાનું જણાવ્યું છે.

પ્રધાનમંત્રીએ  પશ્ચિમ બંગાળના કોલકાતામાં શ્યામા પ્રસાદ મુખર્જી બંદર પર ત્રણ સ્વદેશી રીતે ડિઝાઇન અને નિર્મિત નૌકા જહાજો - INS દુનાગિરી,  INS સંશોધક, અને  INS અગ્રેય રાષ્ટ્રને સમર્પિત કરતાં આ મુજબ જણાવ્યું.

પ્રધાનમંત્રીએ કહ્યું કે, મજબૂત દરિયાઈ ક્ષમતાઓ વિના કોઈપણ રાષ્ટ્ર મોટી શક્તિ તરીકે ઉભરી શકતું નથી. તાજેતરની સિદ્ધિઓ પર પ્રકાશ પાડતા, પ્રધાનમંત્રીએ કહ્યું, છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતીય નૌકાદળમાં 40 થી વધુ સ્વદેશી રીતે નિર્મિત યુદ્ધ જહાજો અને સબમરીનનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમણે દરિયાઈ ક્ષેત્રની અપાર રોજગાર ઉત્પન્ન કરવાની ક્ષમતા પર પણ ભાર મૂક્યો.

ત્રણ જહાજોનો ઉલ્લેખ કરતા, શ્રી મોદીએ કહ્યું કે 200 થી વધુ MSME એ આ જહાજના નિર્માણમાં ફાળો આપ્યો છે, જેનાથી દેશભરમાં નોંધપાત્ર રોજગાર અને આર્થિક પ્રવૃત્તિનું સર્જન થયું છે.

# PREZ--JABALPUR--CONVOCATION

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું વર્ષ 2047 સુધીમાં વિકસિત ભારતનું લક્ષ્ય ત્યારે જ પ્રાપ્ત થઈ શકે છે જ્યારે વિકાસના લાભો સમાજના દરેક વર્ગ અને દરેક વ્યક્તિ સુધી પહોંચે. આજે મધ્યપ્રદેશના જબલપુરમાં રાણી દુર્ગાવતી યુનિવર્સિટીના 36મા દીક્ષાંત સમારોહમાં વિદ્યાર્થીઓને પદવી એનાયત કરી સભાને સંબોધન કરતાં રાષ્ટ્રપતિએ આ મુજબ જણાવ્યું.

**(બાઈટ - PRESIDENT-JABALPUR)**

રાણી દુર્ગાવતીને યાદ કરતાં તેમણે કહ્યું, રાણી દુર્ગાવતી ભારતીય મહિલાઓ અને ભવિષ્યની પેઢીઓ માટે પ્રેરણાનો સ્રોત છે.તેમણે યુનિવર્સિટી સાથે સંકળાયેલા લોકોને આદિવાસી સમુદાયો, વંચિત જૂથો અને ખાસ કરીને યુવા છોકરીઓના સશક્તિકરણ માટે કામ કરવા હાકલ કરી.

રાષ્ટ્રપતિ 22 જૂને, કુનો રાષ્ટ્રીય ઉદ્યાનની મુલાકાત લેશે. જ્યાં તેઓ સહરિયા સમુદાયના સભ્યો, ચિત્તા ટ્રેકર્સ અને ઉદ્યાનની ટીમ સાથે વાતચીત કરશે.

# EVE NEET-EXAM

સ્નાતક મેડિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે NEET-UG 2026ની પુનઃપરીક્ષા આજે કડક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે સંપન્ન થઈ. ભારતના 551 શહેરોમાં અને વિદેશના 14 શહેરોમાં યોજાયેલી આ પરીક્ષામાં 22 લાખ 79 હજારથી વધુ ઉમેદવારો નોંધાયા હતાં. આ પરીક્ષા બપોરે 2 વાગ્યાથી સાંજે સવા પાંચ વાગ્યા સુધી અંગ્રેજી અને 12 ભારતીય ભાષાઓમાં લેવામાં આવી.

રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી NTAએ જામર, CCTV કેમેરા, બાયોમેટ્રિક ચકાસણી પ્રણાલીઓ અને તપાસ પ્રક્રિયાઓ સહિતની વિશેષ વ્યવસ્થાઓ કરી. પરીક્ષાનું સરળ, સુરક્ષિત અને પારદર્શક સંચાલન સુનિશ્ચિત કરવા નિરીક્ષકો, પોલીસ અને વહીવટી કર્મચારીઓ સહિત બે લાખથી વધુ કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા હતા. ખોટી માહિતીને રોકવા અને ગેરરીતિ અટકાવવા માટે NTA એ સોશિયલ મીડિયા પર પણ સક્રિયપણે નજર રાખી હતી.

# YOGA DAY – OVERALL

સમગ્ર વિશ્વ સહિત દેશભરમાં આજે વધતી ઉંમરની અસરોને રોકવા યોગ ની વિષયવસ્તુ સાથે  12મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી.  પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કોલકાતામાં યોગ દિવસના મુખ્ય કાર્યક્રમનું નેતૃત્વ કર્યું હતું. પ્રધાનમંત્રીએ કહ્યું કે યોગ માનસિક સ્વાસ્થ્યથી શારીરિક સ્વાસ્થ્ય તરફનો માર્ગ મોકળો કરે છે.

**(બાઈટ - PM-MENTAL-WELLBEING)**

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ મધ્યપ્રદેશના જબલપુરમાં યોગ કર્યા. રાષ્ટ્રપતિએ કહ્યું, યોગ ભારતની મહાન પરંપરાનું પ્રતીક છે, જે સ્વસ્થ, સંતુલિત અને અર્થપૂર્ણ જીવનનો માર્ગ બતાવે છે.

ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણને લદ્દાખના લેહમાં આયોજિત આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં ભાગ લીધો. તેમણે કહ્યું યોગ શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સ્વાસ્થ્ય માટે અત્યંત ફાયદાકારક છે.

કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયો અને વિભાગો દ્વારા પણ યોગ દિવસ નિમિત્તે વિશેષ કાર્યક્રમોનું આયોજન કરાયું.વિવિધ રાજ્યોમાં પણ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી. ગુજરાતમાં, ગાંધીનગરના માણસા ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં રાજ્યકક્ષાનો

કાર્યક્રમ યોજાયો. આએ ઉપરાંત ૩૩૦ સ્થળોએ યોજાયેલા સમૂહ સત્રોમાં ૧.૨૫ કરોડથી વધુ નાગરિકોએ ભાગ લીધો.

વિદેશમાં પણ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો. દુબઈમાં, ભારતના કોન્સ્યુલેટ જનરલ દ્વારા યોગ સત્રનું આયોજન કરાયું. કતારના દોહામાં યોજાયેલા યોગ સત્રમાં 2 હજારથી વધુ લોકોએ યોગ કર્યા.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

# ED-SALGAOCAR GROUP

પ્રવર્તન નિદેશાલય ED એ ગોવામાં સાલગાંવકર અને તેના સહયોગી AVS સમૂહ દ્વારા મોટાપાયે ગેરકાયદે ખાણકામના કેસમાં એક હજાર કરોડ રૂપિયાની સ્થાવર અને જંગમ મિલકતો જપ્ત કરી. આ કાર્યવાહી નાણાકીય છેતરપિંડી નિવારણ અધિનિયમ, 2002 હેઠળ કરવામાં આવી.

ED એ એક નિવેદનમાં જણાવ્યું કે જપ્ત કરાયેલી સંપત્તિમાં ભારતમાં સ્થિત 99 સ્થાવર મિલકત, સિંગાપોરમાં 31 સ્થાવર મિલકત અને ભારતીય કંપનીઓમાં ઇક્વિટી શેરનો સમાવેશ થાય છે. ED ની તપાસમાં AVS ગ્રુપે આયર્ન ઓરના ગેરકાયદે વેચાણ અને નિકાસમાંથી બે હજાર 492 કરોડ રૂપિયાના આવક મેળવી હોવાનું સામે આવ્યું હતું.

# IRAN-US-SWISS-TALKS

વચગાળાના કરારને મજબૂત બનાવવા અને પશ્ચિમ એશિયા સંઘર્ષને સમાપ્ત કરવાના પ્રયાસોને આગળ વધારવાના હેતુથી અમેરિકા અને ઈરાન વચ્ચેની વાતચીત આજે સ્વિટ્ઝર્લૅન્ડના બર્જેનસ્ટોકમાં શરૂ થઈ. અમેરિકાના ઉપરાષ્ટ્રપ્રમુખ, જેડી વાન્સ, અમેરિકન પ્રતિનિધિમંડળનું જ્યારે ઈરાની પ્રતિનિધિમંડળનું નેતૃત્વ સ્પીકર મોહમ્મદ બાઘેર ગાલિબાફ અને વિદેશમંત્રી અબ્બાસ અરાઘચી કરી રહ્યા છે.

કતાર અને પાકિસ્તાન વાટાઘાટોમાં મધ્યસ્થી કરી રહ્યા છે. લેબનોન પર ઇઝરાયલના સતત હુમલાઓને કારણે તેહરાને હોર્મુઝ સામુદ્રધૂની બંધ કર્યા બાદ આ બેઠક યોજાઇ રહી છે. જોકે, અમેરિકી સેના જણાવ્યું કે જળમાર્ગ તમામ જહાજો માટે ખુલ્લો રહેશે.

# PIYUSH GOYEL

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું છે કે ભારત અને યુરોપિય સંઘ વચ્ચે મુક્ત વેપાર કરાર પર આ વર્ષે ડિસેમ્બર સુધીમાં હસ્તાક્ષર થવાની અપેક્ષા છે. તેમણે કહ્યું આ કરાર આવતા વર્ષે ફેબ્રુઆરી અથવા માર્ચ સુધીમાં અમલમાં આવી શકે છે.

શ્રી ગોયલે આજે મુંબઈમાં એક કાર્યક્રમને સંબોધન કરતાં  જણાવ્યું કે આ કરાર ભારતીય વ્યવસાયોને ખૂબ જ ઓછી અથવા શૂન્ય કસ્ટમ ડ્યુટી પર લગભગ સમગ્ર યુરોપિયન બજારમાં પ્રવેશ પ્રદાન કરશે. આનાથી ભારતની નિકાસમાં પણ મોટો વધારો થશે.તેમણે કહ્યું કે પ્રસ્તાવિત કરાર બાદ ભારતની લગભગ 93 ટકા નિકાસ ડ્યુટી-મુક્ત થવાની અપેક્ષા છે. ભારત અને 27-સભ્ય યુરોપિયન યુનિયન વચ્ચે લાંબી વાટાઘાટો પછી આ કરારને આ વર્ષનીશરૂઆતમાંઅંતિમ સ્વરૂપઆપવામા આવ્યું હતું.

લગભગ બે દાયકાની વાટાઘાટો પછી જાન્યુઆરીમાં વેપાર કરારની જાહેરાત કરવામાં આવી હતી. આ કરાર હાલમાં કાનૂની ચકાસણી અને અન્ય ઔપચારિક પ્રક્રિયાઓમાંથી પસાર થઈ રહ્યો છે

# TN-AMMONIA-GAS-LEAK

તમિલનાડુના પેરિયાપલયમમાં દરિયાઈ ખાદ્ય પદાર્થો નિકાસ કરતી એક કંપનીમાં એમોનિયા ગેસ લીકેજ થવાથી સાતના મોત અને 70 થી વધુ કામદારો અસરગ્રસ્ત પ્રભાવિત થયા. પ્રાથમિક અહેવાલો અનુસાર, બચાવ અને તબીબી કામગીરી ચાલુ હોવાથી મૃત્યુઆંક વધી શકે છે.

રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળે, વિશેષ રાસાયણિક, જૈવિક અને પરમાણુ પ્રતિભાવ ટીમો સાથે મળીને તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરી લીકેજને કાબુમાં લેવા ભારે જહેમત ઉઠાવી.

મુખ્યમંત્રી સી. જોસેફ વિજયે ઘટનાની ઉચ્ચ સ્તરીય તપાસનો આદેશ આપ્યો અને ત્રણ સભ્યોની સમિતિને 24 કલાકમાં અહેવાલ રજૂ કરવાનો નિર્દેશ આપ્યો. મુખ્યમંત્રીએ દરેક મૃતકના પરિવારજનો માટે બે લાખ રૂપિયાની સહાયની પણ જાહેરાત

# WOMEN'S HOCKEY

હોકીમાં ભારતે ઓકલેન્ડમાં રમાયેલી ફાઇનલમાં યજમાન ન્યુઝીલેન્ડને 2-0 થી હરાવીને FIH મહિલા નેશન્સ કપ જીત્યો. ભારત તરફથી સુનેલિતા ટોપો અને નવનીત કૌરે ગોલ કર્યા અને શરૂઆતથી લીડ અપાવી મેચ જીતવામાં મહત્વની ભૂમિકા ભજવી. ભારત સમગ્ર સ્પર્ધા દરમિયાન અજેય રહ્યું. ભારતના દીપિકા છ ગોલ કરીને ટુર્નામેન્ટમાં સંયુક્ત-ટોપ સ્કોરર બન્યા.

વર્ષ 2022માં ટુર્નામેન્ટની શરૂઆતની આવૃત્તિમાં જીત બાદ પછી, આ ભારતનો બીજો નેશન્સ કપ ખિતાબ છે.

હોકી ઇન્ડિયાએ દરેક ખેલાડી માટે 3 લાખ અને સપોર્ટ સ્ટાફના સભ્યો માટે દોઢ લાખ રૂપિયાના રોકડ પુરસ્કારની જાહેરાત કરી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતીય મહિલા હોકી ટીમને સ્પર્ધા જીતવા બદલ અભિનંદન પાઠવ્યા. સોશિયલ મીડિયા પોસ્ટમાં, પ્રધાનમંત્રીએ કહ્યું કે આ વિજય ઘણા યુવા ખેલાડીઓને હોકી રમવા પ્રેરણા આપશે. પ્રધાનમંત્રીએ ભવિષ્યમાં સફળતા માટે ટીમને શુભેચ્છાઓ પણ પાઠવી.

# REV EVE CRICKET IND-SL

ક્રિકેટમાં, આજે દામ્બુલામાં ત્રિ-રાષ્ટ્રીય A શ્રેણીની મેચમાં ભારત A એ યજમાન શ્રીલંકાને 66 રનથી હરાવ્યું.પ્રથમ બેટિંગ કરતાં ભારત A એ નિર્ધારિત 50 ઓવરમાં નવ વિકેટ ગુમાવીને 377 રન બનાવ્યા. વૈભવ સૂર્યવંશીએ પ્રથમ ઇનિંગ્સમાં શ્રીલંકા પર પ્રભુત્વ જમાવ્યું, માત્ર 11 બોલમાં અડધી સદી અને માત્ર 29 બોલમાં 94 રન બનાવ્યા. જવાબમાં, શ્રીલંકા 47.1 ઓવરમાં 311 રનમાં ઓલઆઉટ થઈ ગયું.